રીંગ ઘસાતી તી, ચિંગારી ઉડતી તી અને નશામાં કાર દોડતી તી...

નશામાં ધૂત કારચાલક ભાન ભૂલ્યો, ટાયર નીકળ્યુ તો રિંગ પર ગાડી હંકારી

કારમાં તરસાલી વિસ્તારની યુવતી પણ સવાર હોવાનું સામે આવ્યું

(પ્રતિનિધિ) વડોદરા, તા.30 વડોદરામાં સવાર-સવારમાં એવો નજારો જોવા મળ્યો કે લોકો જોતા જ રહી ગયા. એક કાર આગળના ટાયર વગર માત્ર રિંગ પર ઘસડાતી-ઘસડાતી વાંકીચૂકી દોડી રહી હતી. પાછળ ચિંગારીઓ ઉડતી હતી અને અંદર બેઠેલો ચાલક નશામાં ધૂત હતો. આ ફિલ્મી સીન ફતેપુરા ચાર રસ્તા પાસે સિટી પોલીસે જોયો અને તરત જ કારને આંતરી લીધી હતી. પોલીસે કાર રોકી તપાસ કરતા ચાલકનું નામ કરણસિંગ શત્રુઘ્નસિંહ ચૌહાણ ઉ.વ. 21, રહે. E/0404, સેપ્પલ રેસીડેન્સી, હરણી, વડોદરા હોવાનું બહાર આવ્યું હતું. જ્યારે તેની બાજુની સીટ પર બેઠેલી યુવતીનું નામ ત્વિશા નરેન્દ્રભાઈ જેઠવા ઉ.વ. 20, રહે. બંસલ મોલ પાછળ, તરસાલી, વડોદરા હોવાનું જાણવા મળ્યું હતું. બન્યું એવું કે, આજે વહેલી સવારે લગભગ 6 વાગ્યાની આસપાસ સિટી પોલીસની ટીમ અડાણિયાપુલ ચાર રસ્તાથી ફતેપુરા તરફ પેટ્રોલિંગ કરી રહી હતી. ત્યાં એક બલેનો કાર લહેરાતી આવતી દેખાઈ. નજીક આવી ત્યારે પોલીસ પણ ચોંકી ગઈ. કારનું ડ્રાઈવર સાઈડનું આગળનું ટાયર ગાયબ હતું. માત્ર રીંગ પર જ કાર ખેંચાઈ રહી હતી.

ચાલકને નીચે ઉતારતા જ ખબર પડી ગઈ કે મામલો શું છે. તેના મોંમાંથી દારૂની ભારે વાસ આવતી હતી. તે સરખું ઉભું પણ રહી શકતો ન હતો. પાસ-પરમિટ માંગી તો તે પણ ન મળી. પોલીસે તાત્કાલિક કારને કબજે કરી પંચનામું કર્યું હતું. આરોપી કરણસિંગ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

છાણીમાંથી ધો.11માં અભ્યાસ કરતી સગીરા રહસ્યમય રીતે ગુમ

ચાની કિટલીના ચલાવતા પિતાની પુત્રી ઘરેથી કોઈને જાણ કર્યા વગર નીકળી ગઈ

(પ્રતિનિધિ) વડોદરા, તા. 30 વડોદરાના છાણી જકાતનાકા વિસ્તારમાં રહેતી અને ધોરણ-11માં અભ્યાસ કરતી 16 વર્ષની સગીરા રહસ્યમય સંજોગોમાં ઘરેથી ગુમ થતાં પરિવારમાં ચિંતાનો માહોલ ફેલાયો છે. સાંજના સમયે કોઈને જાણ કર્યા વગર ઘરેથી નીકળી ગયેલી દીકરી મોડી સાંજ સુધી પરત નહીં ફરતાં પરિવારજનોએ આસપાસના વિસ્તારોમાં શોધખોળ કરી હતી. જોકે, તેનો કોઈ પત્તો નહીં મળતાં પિતાએ અજાણ્યા શખ્સ સામે સગીરાનું અપહરણ કર્યાની ફરિયાદ નોંધાવી છે.

છાણી જકાતનાકા જૂના છાણી રોડ પર આવેલી સોસાયટીમાં રહેતા 50 વર્ષીય પિતાની 16 વર્ષીય પુત્રી કેન્દ્રીય વિદ્યાલયમાં ધોરણ-11માં અભ્યાસ કરે છે. તા.29 ઓક્ટોબરના રોજ સાંજે આશરે સવા પાંચ વાગ્યાના અરસામાં સગીરા કોઈને કંઈપણ જાણ કર્યા વગર ઘરેથી નીકળી ગઈ હતી. સાંજે સાડા છ વાગ્યાની આસપાસ માતા માતાએ પિતાને ફોન કરીને પુત્રી ઘરે ન હોવાનું જણાવ્યું હતું. જેથી પિતા તાત્કાલિક ઘરે પહોંચ્યા હતા અને પરિવારજનો સાથે શોધખોળ શરૂ કરી હતી. જોકે, સગીરાનો કોઈ પત્તો લાગ્યો નહોતો. સગીરા હોવાની જાણ હોવા છતાં કોઈ અજાણ્યો શખ્સ લલચાવી-ફોસલાવી અપહરણ કરી ગયો હોવાની આશંકા સાથે પિતાએ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

દરજીપુરા વિસ્તારની સગીરા ગરમ પાણીથી દાઝી ગઈ

૧૦૮ની ટીમે પહોંચી જઈને પ્રાથમિક સારવાર આપી હતી

(પ્રતિનિધિ) વડોદરા, તા.30

દરજીપુરા RTO ઓફિસ પાસે એક દુર્ઘટના સર્જાઈ હોવાના સમાચાર પ્રાપ્ત થયા છે. અહીં રહેતા કેવિનભાઈ પરમારની ૧ વર્ષની માસૂમ પુત્રી ધ્રુવીબેન અકસ્માતે ગરમ પાણીની ચપેટમાં આવી જતાં ગંભીર રીતે દાઝી ગઈ છે. જેણીને બંને હાથ ગંભીર રીતે દાઝી ગયા હતા. બાળકીની પીડા અને ગંભીર સ્થિતિ જોઈને પરિવારજનોમાં ભારે હાહાકાર મચી ગયો હતો અને તાત્કાલિક ઈમરજન્સી ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરવામાં આવી હતી. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને ત્વરિત ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાને કોલ કરવામાં આવ્યો હતો. ૧૦૮ ની ટીમે પહોંચી જઈને પ્રાથમિક સારવાર આપી હતી.

સશસ્ત્ર સેના ચિકિત્સા સેવા
ARMED FORCES MEDICAL SERVICES

ચિકિત્સા અધિકારી (અલ્પ સેવા કમિશન)ના પદ હેતુ

FOR THE POST OF MEDICAL OFFICER (SHORT SERVICE COMMISSION)

સશસ્ત્ર સેના ચિકિત્સા સેવામાં ચિકિત્સા અધિકારી (અલ્પ સેવા કમિશન) તરીકે યોગદાન આપવા માટે ઇચ્છુક, શારીરિક અને માનસિક રીતે સ્વસ્થ તથા યોગ્ય ભારતીય નાગરિકો (સ્ત્રી અને પુરુષ) પાસેથી અરજીઓ આમંત્રિત કરવામાં આવે છે.

ઇન્ટરવ્યુ: **ડિસેમ્બર 2026**માં **દિલ્હી**માં યોજવામાં આવશે.

જગ્યાઓ: **120 (90 પુરુષ + 30 મહિલા)**

ન્યૂનતમ શૈક્ષણિક લાયકાત: એમ.બી.બી.એસ. (MBBS)

વય મર્યાદા: **એમ.બી.બી.એસ. ડિગ્રી ધારક ઉમેદવારની ઉંમર** 31 ડિસેમ્બર 2026**ના રોજ** 30 વર્ષ**થી ઓછી હોવી જોઈએ (એટલે કે જેમનો જન્મ** 02 જાન્યુઆરી 1997 **અથવા તેના પછી થયો હોય, તેઓ જ પાત્ર રહેશે). સ્નાતકોત્તર** (PG) **ડિગ્રી ધારક ઉમેદવારની ઉંમર** 31 ડિસેમ્બર 2026**ના રોજ** 35 વર્ષ**થી ઓછી હોવી જોઈએ (એટલે કે જેમનો જન્મ** 02 જાન્યુઆરી 1992 **અથવા તેના પછી થયો હોય, તેઓ જ પાત્ર રહેશે).**

પાત્રતા શરતો માટે **07 નવેમ્બર 2026**ના રોજ રોજગાર સમાચાર પત્ર / Employment News તથા વેબસાઇટ www.join.afms.gov.in જુઓ.

ઓનલાઈન અરજી માટે રજીસ્ટ્રેશન વેબસાઇટ www.join.afms.gov.in પર **09 નવેમ્બર 2026**થી **18 નવેમ્બર 2026** સુધી કરી શકાય છે.

Applications are invited from physically fit and mentally robust Indian citizens, both male and female, desirous of joining the AFMS as Medical officers (Short Service Commission).

Interview will be conducted at **Delhi** tentatively in the month of **December 2026**.

Vacancy - 120 (90 for male + 30 for female)

Minimum Educational Qualification - MBBS

Age Limit - Candidate must not have attained the age of 30 years as on 31 Dec 2026 if holding an MBBS degree (only those born on or after 02 Jan 1997 are eligible) and must not have attained the age of 35 years as on 31 Dec 2026 if holding a PG degree (only those born on or after 02 Jan 1992 are eligible).

For Eligibility Conditions, Application Format etc see Employment News / Rozgar Samachar issue of **07 Nov 2026** and the website www.join.afms.gov.in.

Registration for online application will open from 09 Nov 2026 to 18 Nov 2026 on www.join.afms.gov.in

cbc10601/11/0036/2627

દીપોત્સવનો ઉત્સાહ શિવાકાશીથી વડોદરામાં આવ્યો ફટાકડાનો નવો જથ્થો

વડોદરા શહેરમાં ફેન્સી ફટાકડાનો ભારે ક્રેઝ

(પ્રતિનિધિ) વડોદરા, તા.30 દિવાળીને ગણતરીના દિવસો બાકી છે ત્યારે વડોદરાના બજારોમાં ખરીદીનો ધસારો જોવા મળી રહ્યો છે. શહેરના વિવિધ વિસ્તારોમાં રોડ સાઈડ ફટાકડાની હાટડીઓ લાગી ગઈ છે ત્યારે દિવાળીપુરા ફટાકડા બજારમાં લોકોને ઘસારો જોવા જેવો રહ્યો છે. આ વર્ષે નવી ફેન્સી આઈટમો આકર્ષણનું કેન્દ્ર બની છે. શિવાકાશીથી આવતા ફટાકડા વિશે માહિતી આપતા રેમ્બો ક્રેકર્સના ઈસ્માઈલ કાપડવાલા અને ઈમરાન કાપડવાલાએ જણાવ્યું હતું કે, આ વર્ષે બજારમાં ટ્રેન્ડ સંપૂર્ણ બદલાયો છે. કોઠી અને ચકરીની ડિમાન્ડ નહિવત થઈ ગઈ છે, જેની જગ્યા નવી ફેન્સી આતશબાજીએ લીધી છે.

લોલીપોપ પેન્સિલ, પિઝા ટાઈમ ફાઉન્ટેન અને નાની ગન ફાઉન્ટેન બાળકોમાં સૌથી વધુ ડિમાન્ડમાં છે. નાના બાળકો પણ સુરક્ષિત રીતે આતશબાજી કરી શકે તે માટે 0.5 ઈંચના નાના ગુબ્બારાઓની માંગ ખૂબ વધી છે. આ ઉપરાંત શાવર ચકેડી સાથે 2 થી 7 ઈંચના સ્કાય શોટ લેવાની લોકો વધારે પસંદ કરી રહ્યા છે. પાછલા વર્ષોમાં આકાશી આતશબાજીનો ક્રેઝ લોકોમાં વધ્યો છે ત્યારે અત્યાર સુધી 3.5 ઈંચ સુધીના ગુબ્બારા આવતા હતા પરંતુ આ વર્ષે પહેલીવાર 7 ઈંચ સુધીના મોટા બામ્બુ શોટ આવ્યા છે. જે આખા આકાશને રોશનીથી ભરી દે છે.

તપાસમાં ક્ષતિને કારણે શંકાનો લાભ મળ્યો

બાળકી સાથે છેડતીના કેસમાં આરોપીનો નિર્દોષ છૂટકારો

(પ્રતિનિધિ) વડોદરા, તા. 30 વડોદરાના સોમા તળાવ વિસ્તારમાં છ વર્ષની બાળકી સાથે કથિત છેડતીના પોક્સો કેસમાં વડોદરાની સ્પેશ્યલ પોક્સો કોર્ટે આરોપીને શંકાનો લાભ આપીને નિર્દોષ છોડી મૂકવાનો હુકમ કર્યો છે. પોક્સો જજ અને પાંચમા એડિશનલ સેશન્સ જજ ડી.કે. સોનીએ 30 ઓક્ટોબર, 2026ના રોજ આ ચુકાદો સંભળાવ્યો હતો. કેસની વિગતો મુજબ, 14 જાન્યુઆરી, 2026ના રોજ ઉત્તરાયણના દિવસે બપોરે 12થી 2 વાગ્યા દરમિયાન સોમા તળાવ સ્થિત વુડાના મકાનના બ્લોક નં. 17ની અગાસી પર છ વર્ષ અને છ મહિનાની બાળકી સાથે આરોપી સુનીલભાઈ છગનભાઈ રાઠવા દ્વારા અડપલાં અને છેડતી કરવામાં આવી હોવાની ફરિયાદ કપુરાઈ પોલીસ મથકમાં નોંધાઈ હતી. પોલીસે ભારતીય ન્યાય સંહિતા અને પોક્સો એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. કોર્ટમાં બાળકી, તેની માતા, તબીબી અધિકારીઓ, પંચ સાક્ષીઓ અને તપાસ અધિકારી સહિતના સાક્ષીઓની જુબાની લેવામાં આવી હતી. તબીબી તપાસમાં બાળકીના શરીર કે ગુપ્ત ભાગોમાં ઈજા અથવા બળજબરીના નિશાન મળ્યા નહોતા. ઉપરાંત, ફરિયાદપક્ષના પુરાવામાં મહત્વના વિરોધાભાસ અને ઓળખ પરેડની પ્રક્રિયામાં ખામીઓ હોવાનું અદાલતે નોંધ્યું હતું. કોર્ટે જણાવ્યું કે ફરિયાદપક્ષ આરોપી સામેનો ગુનો વાજબી શંકાથી પર સાબિત કરવામાં નિષ્ફળ રહ્યો છે. પરિણામે આરોપી સુનીલભાઈ રાઠવાને શંકાનો લાભ આપી છોડી મૂકવાનો હુકમ કર્યો હતો. સાથે છ મહિના માટે રૂ.10 હજારના જામીન તથા જાતમુચરકા રજૂ કરવાનો પણ આદેશ આપ્યો છે. આરોપી તરફે એડવોકેટ ભાવિન વ્યાસે દલીલો કરી હતી.

જરૂરિયાતમંદોના જીવનમાં ખુશીઓનો પ્રકાશ પાથરવા 'ખુશીઓની અલમારી' અભિયાન

(પ્રતિનિધિ) વડોદરા, તા.30

દિવાળીના પર્વ નિમિત્તે જરૂરિયાતમંદ પરિવારોના જીવનમાં ખુશીઓનો પ્રકાશ ફેલાવવાના હેતુથી નૅક્સિફાય ક્લબ અને વ્રજ ફાઉન્ડેશન દ્વારા સંયુક્ત રીતે 'ખુશીઓની અલમારી - દિવાળી ડોનેશન ડ્રાઈવ'નું આયોજન કરવામાં આવ્યું છે. આ અભિયાન અંતર્ગત વડોદરાના નાગરિકો, વ્યવસાયિકો, સામાજિક સંસ્થાઓ અને સેવાભાવી લોકોને દાન અભિયાનમાં જોડાવા અપીલ કરવામાં આવી છે.

આ પહેલ હેઠળ નાગરિકો પોતાની ક્ષમતા મુજબ પુસ્તકો, સ્ટેશનરી, સારી સ્થિતિમાં રહેલાં કપડાં, બિનનાશવંત ખાદ્યપદાર્થો, રમકડાં તથા દિવાળી સંબંધિત ઉપયોગી સામગ્રીનું દાન કરી શકશે. એકત્રિત કરવામાં આવેલી વસ્તુઓ યોગ્ય લાભાર્થીઓ સુધી પહોંચાડવા માટે સામાજિક સંસ્થાઓ અને NGO સાથે સંકલન કરવામાં આવશે. આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ્ય દાનની ભાવનાને પ્રોત્સાહન આપવાની સાથે જરૂરિયાતમંદ પરિવારો સુધી ઉપયોગી વસ્તુઓ પહોંચાડવાનો છે. નાગરિકો વ્યક્તિગત રીતે અથવા પરિવાર, મિત્રો અને સંસ્થાઓના માધ્યમથી આ સેવાકીય પહેલમાં સહભાગી બની શકશે.

આ ડોનેશન ડ્રાઈવ 1 નવેમ્બર, 2026ના રોજ સવારે 11:30થી બપોરે 12:30 વાગ્યા સુધી અલકાપુરી સ્થિત કાન્હા કેપિટલ ખાતે યોજાશે. વધુ માહિતી અને સહયોગ માટે 70160 09711 નંબર પર સંપર્ક કરવા આયોજકો દ્વારા જણાવાયું છે. 'નાનું યોગદાન, મોટી ખુશીઓ'ના સંદેશ સાથે આયોજક સંસ્થાઓએ નાગરિકોને આ દિવાળીએ પોતાની ખુશીઓ જરૂરિયાતમંદો સાથે વહેંચી માનવતા અને સેવાનો દીવો પ્રગટાવવા અપીલ કરી છે.

બે વર્ષથી યુવકના પ્રેમમાં ગાડી બનેલી દીકરીએ પકડી લગ્નની જીદ

(પ્રતિનિધિ), વડોદરા. તા.૩૦ વડોદરામાં કિશોરાવસ્થામાં બંધાયેલા પ્રેમસંબંધને લઈને એક પરિવારમાં તણાવની સ્થિતિ સર્જાઈ હતી. 18 વર્ષની દીકરીએ ત્રણ વર્ષથી પ્રેમસંબંધમાં રહેલા યુવક સાથે લગ્ન કરવાની જીદ પકડી હતી. માતા લગ્ન માટે તૈયાર ન થતાં દીકરીએ માતા સાથે રહેવાનો પણ ઈનકાર કરી આશ્રમમાં જવાની વાત કરતાં આખરે માતાએ અભયમ 181 મહિલા હેલ્પલાઈનની મદદ માગી હતી.

બાપોદ લોકેશનની 181ની ટીમને મદદ માટે કોલ આવ્યો હતો ત્યારે જાણ થતાં ટીમ મહિલાના ઘરે પહોંચી હતી. જ્યાં માતાએ જણાવ્યું હતું કે, તેમની દીકરી 16 વર્ષની હતી ત્યારે સ્કૂલમાં અભ્યાસ કરતી હતી. આ દરમિયાન સ્કૂલમાં આવતા એક યુવક સાથે તેને પ્રેમસંબંધ બંધાયો હતો. દીકરીનો મોબાઈલ ચેક કરતાં માતાને આ સંબંધની જાણ થઈ હતી. બીજી તરફ, મહિલાના પતિ વિદેશમાં રહેતા હોવાથી દીકરીની જવાબદારી માતા પર હતી. દીકરી યુવક સાથે લગ્ન કરવા માટે જીદ કરતી હતી અને જો લગ્ન નહીં કરાવે તો આશ્રમમાં રહેવા જતી રહેશે, માતા સાથે નહીં રહે તેવી હઠ પકડી હતી. જેથી 181ની ટીમે માતા અને દીકરી બંનેનું કાઉન્સેલિંગ કર્યું હતું.

જાંબુઆ વિસ્તારમાં આવેલા જીઈબી સ્ટેશનમાં અજગર ઘૂસી આવતા ભારે દોડધામ મચી

(પ્રતિનિધિ) વડોદરા, તા.30 વડોદરાના જાંબુઆ વિસ્તારમાં આવેલા જીઈબી સ્ટેશનમાં અજગર ઘૂસી આવતા ભારે દોડધામ મચી હતી. વાઈલ્ડ લાઈફ રેસ્ક્યુ ટ્રસ્ટની ટીમે એક કલાકની ભારે જહેમત બાદ 7 ફૂટ લાંબા અજગરનું સફળ રેસ્ક્યુ કર્યું હતું. પ્રાપ્ત વિગતો મુજબ, સંસ્થાના પ્રેસિડેન્ટ અરવિંદભાઈ પવારને રાત્રિના સમયે જાંબુઆ જીઈબી સ્ટેશનથી કિશોરભાઈનો ફોન આવ્યો હતો કે તેમના ત્યાં અજગર આવી ગયો છે. કોલ મળતાની સાથે જ સંસ્થાના સેક્રેટરી યુવરાજસિંહ રાજપૂત અને કાર્યકરો વડોદરા વન વિભાગના અધિકારીઓ સાથે તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગયા હતા. સ્થળ પર તપાસ કરતા લગભગ 7 ફૂટ લાંબો અજગર જોવા મળ્યો હતો. ટીમે સાવચેતી સાથે એક કલાકની મહેનત બાદ અજગરને સુરક્ષિત રીતે પકડી લીધો હતો અને બાદમાં તેને વડોદરા વન વિભાગને સોંપવામાં આવ્યો હતો.

વડોદરા મહાનગરપાલિકા

www.vmc.gov.in

સયાજીપુરા, આજવા રોડ બાયપાસ,વડોદરા ખાતે આવેલ રાત્રી બજારની દુકાનો ત્રણ(૩)વર્ષની મુદત માટે જાહેર હરાજીથી મેળવવાની અમુલ્ય તક.

સયાજીપુરા,આજવા રોડ બાયપાસ, વડોદરામાં આવેલ રાત્રીબજારની ૨૩ દુકાનો જાહેર હરાજી દ્વારા વાર્ષિક વાપર ઉપયોગ ફી નક્કી કરી ત્રણ (૩) વર્ષની મુદત માટે ફાળવણી કરવાની હોઇ રસ ધરાવતી વ્યકિતઓ/ સંસ્થાઓ પાસેથી નિયત અરજી પત્રકમાં અરજીઓ મંગાવવામાં આવે છે.

અ. નં.	દુકાનોની સંખ્યા	ડીપોઝીટની રકમ	અપસેટ વેલ્યુ	દુકાન નંબર/અનામત કેટેગરી
૧	૨૩	રૂા.૧.00 લાખ	રૂા.૧.00 લાખ	દુકાન નં.૨,૧૨ થી ૧૬ તથા ૧૮ થી ૨૧ .૨૩ થી ૨૬ ,૨૯ , ૩૧ થી ૩૫ (Gen), નં.૧૭ (S.T), નં.૨૨ (S.C) નં.30 (OBC)

નિયત નમુનાનું અરજી પત્રક જમીન મિલ્કત (કોમર્શીયલ શાખા) ખાતેથી કામકાજના દિવસો દરમ્યાન મેળવી શકાશે. અરજીપત્રક તથા શરતો ઉપરોકત વેબસાઇટ પરથી જાહેરાત પ્રસિધ્ધ થયાના બે દિવસ બાદ જોઇ શકાશે તથા ડાઉનલોડ કરી શકાશે. ભરેલા અરજીપત્રકો ડીપોઝીટ સાથે જરૂરી પુરાવા સહીત તા:૨૧/૧૧/૨૦૨૬ સુધી ઓફીસ સમય દરમ્યાન "જમીન મિલ્કત અમલદારશ્રી, રૂમ નં.૨૦૩, જમીન મિલ્કત શાખા (કોમર્શિયલ),વડોદરા મહાનગરપાલિકા, ખંડેરાવ માર્કેટ બિલ્ડીંગ, રાજમહેલ રોડ, વડોદરા" ને મળે તે રીતે મોકલી આપવાના રહેશે.

પી.આર.ઓ.નં. ૫૯૬ /૨૬-૨૭. મ્યુનિસિપલ કમિશનર

ઓન લાઈન ટેન્ડરીંગ
જાહેર નિવિદા નં.૧૪, સને.૨૦૨૬-૨૭

કાર્યપાલક ઇજનેરશ્રી, પંચાયત મા×મ વિભાગ, જિલ્લા પંચાયત ભવન જિલ્લા સેવા સદનની બાજુમાં, મહીસાગર-લુણાવાડા ફોન નં.૦૨૬૭૪-૨૫૨૧૨૩ દ્વારા માન્ય ઇજારદારશ્રીઓ પાસેથી રસ્તા , મકાન &બ્રીજના કામોના કુલ રૂા.૩૧૯૨.૫૭ લાખના કિંમતના ટેન્ડર માંગવામાં આવે છે. ટેન્ડરના દસ્તાવેજો https://tender.nprocure.com વેબસાઇટ અને ટેન્ડર નોટીસ માહિતી નિયામકશ્રીની www.statetenders.gujarat.gov.in ઉપર જોવા મળશે.

ટેન્ડર ઓપનીંગની છેલ્લી તારીખથી રજી.પો.એ.ડીથી દિન-૭ માં અસલમાં ડીમાન્ડ ડ્રાફ્ટ / એફ.ડી.આર કાર્યપાલક ઇજનેરશ્રી, મહીસાગરને રજૂ કરવાના રહેશે.

ઇ-ટેન્ડરીંગ અંગેનું સમયપત્રક નીચે મુજબ છે.

ઓન લાઇન સબમીશનની તારીખ.	તા.૦૩/૧૧/૨૦૨૬ થી તા.૨૦/૧૧/૨૦૨૬ સમય ૧૮.૦૦ કલાક સુધી.
ટેન્ડર ઓપનીંગ (ઓનલાઇન)	તા.૨૧/૧૧/૨૦૨૬ સમય ૧૨.૦૦ કલાક

(માહિતી/ગોધરા/૫૯૭/૨૬)

વડોદરા મહાનગરપાલિકા

www.vmc.gov.in

છાણી ગામના પ્રવેશ દ્વાર નજીક બનાવવામાં આવેલ ફુડશોપ ત્રણ (૩) વર્ષની મુદત માટે જાહેર હરાજીથી મેળવવાની અમુલ્ય તક.

વડોદરા મહાનગરપાલિકા હદ વિસ્તારમાં છાણી ગામના પ્રવેશદ્વાર નજીક બનાવવામાં આવેલ ફુડશોપની ૧૦ દુકાનો જાહેર હરાજી દ્વારા વાર્ષિક વાપર ઉપયોગ ફી નક્કી કરી ત્રણ (૩) વર્ષની મુદત માટે ફાળવણી કરવાની હોઈ,રસ ધરાવતી વ્યક્તિ/સંસ્થાઓ પાસેથી નિયત અરજી પત્રકમાં અરજીઓ મંગાવવામાં આવે છે.

અ. નં.	દુકાનોની સંખ્યા	ડીપોઝીટની રકમ	અપસેટ વેલ્યુ	અનામત દુકાનોની સંખ્યા
૧	૧૦	રૂા.૫૦,૦૦૦/-	રૂા.૫૦,૦૦૦/-	Gen - ૯, SC / ST - ૧.

નિયત નમુનાનું અરજી પત્રક જમીન મિલ્કત શાખા (કોમર્શીયલ) ખાતેથી કામકાજના દિવસો દરમ્યાન મેળવી શકાશે.અરજીપત્રક, શરતો તથા નકશા ઉપરોક્ત વેબસાઇટ પરથી જાહેરાત પ્રસિધ્ધ થયાના બે દિવસ બાદ જોઇ શકાશે તથા ડાઉનલોડ કરી શકાશે. ભરેલા અરજીપત્રકો ડીપોઝીટ સાથે જરૂરી પુરાવા સહીત તા:૨૧/૧૧/૨૦૨૬ સુધી ઓફિસ સમય દરમ્યાન ' જમીન મિલકત અમલદારશ્રી'ની કચેરી, રૂમ નં: ૨૦૩, જમીન મિલ્કત શાખા (કોમ.) વડોદરા મહાનગરપાલિકા,ખંડેરાવ માર્કેટ બિલ્ડીંગ, રાજમહેલ રોડ, વડોદરાને' મળે તે રીતે મોકલી આપવાના રહેશે.

પી.આર.ઓ.નં. ૫૯૫ /૨૬-૨૭ મ્યુનિસિપલ કમિશનર

ઓન લાઈન ટેન્ડરીંગ
જાહેર નિવિદા નં.૨૪, સને.૨૦૨૬-૨૭
પંચમહાલ જિલ્લા પંચાયત મા×મ વિભાગ, ગોધરા.

કાર્યપાલક ઇજનેરશ્રી, પંચાયત (મા×મ) વિભાગ, જિલ્લા પંચાયત, પંચમહાલ-ગોધરા, ફોન નં. ૦૨૬૭૨-૨૫૩૩૮૪ દ્વારા ઓનલાઇન ઈ-ટેન્ડર માન્ય ઇજારદારશ્રીઓ પાસેથી થી મકાનના કામ-૪૮ જેની અંદાજી રકમ રૂા.૮.૨૩ લાખ થી રૂા.૨૦.૦૦ લાખ સુધીની કિંમત માટે ના ઈ-ટેન્ડરો માંગવામાં આવે છે. ટેન્ડર ના દસ્તાવેજો http://tender.nprocure.com વેબસાઇટ અને ટેન્ડર નોટીસ માહિતી નિયામકશ્રીની www.statetenders.gujarat.gov.in ઉપર જોવા મળશે. ઇજારદારશ્રીઓએ ઓન લાઇન ની વેબ સાઇટ ઉપર ટેન્ડર ભરવાના રહેશે. ટપાલ માર્ગે કે રૂબરૂ ટેન્ડર સ્વીકારવામાં આવશે નહી.

મુળભુત ટેન્ડર દસ્તાવેજ રજા સિવાયના દિવસોમાં કચેરી સમય દરમિયાન જોવા મળશે.

ઈ-ટેન્ડરીંગ અંગેનું સમયપત્રક નીચે મુજબ છે.

ઓન લાઇન સબ મીશન ની છેલ્લી તારીખ.	તા.૧૬/૧૧/૨૦૨૬ સમય ૧૮.૦૦ કલાક સુધી.
ટેન્ડર ઓપનીંગ (ઓનલાઇન)	તા.૧૭/૧૧/૨૦૨૬ સમય ૧૨.૦૦ કલાક

(માહિતી/ગોધરા/૫૯૬/૨૬)

વડોદરા મહાનગરપાલિકા

www.vmc.gov.in

વડોદરા મહાનગરપાલિકા હસ્તકની ખુલ્લી જગ્યા/ફુટપાથ/બ્રીજ નીચેની જગ્યામાં પે એન્ડ પાર્કનો ઇજારો જાહેર હરાજીથી આપવા બાબત.

વડોદરા મહાનગરપાલિકા હસ્તકની નીચે જણાવ્યા મુજબની ખુલ્લી જગ્યા/ફુટપાથ/બ્રીજ નીચેની જગ્યામાં પે એન્ડ પાર્કનો ઇજારો માસિક લાયસન્સ ફી થી ૧(એક) વર્ષની મુદત માટે જાહેર હરાજીથી આપવાનો હોઇ રસ ધરાવતી વ્યકિતઓ/સંસ્થાઓ પાસેથી નિયત અરજીપત્રકમાં અરજીઓ મંગાવવામાં આવે છે.

અ. નં.	ઓપન પ્લોટ /ફુટપાથ /બ્રીજ નીચેની જગ્યા	સ્થળ	જગ્યાનું ક્ષેત્રફળ (ચો.મી.)	ડિપોઝીટની રકમ (રૂ.)	મીની. અપસેટ વેલ્યુ (પ્રતિ માસ)
(૧)	(૨)	(૩)	(૪)	(૫)	(૬)
૧	ટી.પી.૧(સમા), એફ.પી. નં.૫૦	સમા-સાવલી રોડ	૧૫૪૧	૮૦,૦૦૦/-	૪૦,૦૦૦/-
૨	રેવન્યુ સર્વે નં.૨૧૬/બી	ગુરુદ્વાર પાસે, તરસાલી	૫૧૫	30,000/-	૧૫,૦૦૦/-
3	બ્રીજ નીચેની જગ્યા	છાણી ઓવરફ્લાય બ્રીજ નીચે	૬૫૦	૬૦,૦૦૦/-	30,000/-
૪	ટી.પી.૨ (સુભાનપુરા), એફ.પી.૩૧૦	નટુભાઇ સર્કલ, હરીનગર બ્રિજ પાસે.	૯૫૨	૩૦,૦૦૦/-	૧૫,૦૦૦/-
૫	સી.સ. નં.૧૬૪૬	વડીવાડી પાણીની ટાંકી પાસે	૨૦૦૦	૬૦,૦૦૦/-	૩૦,૦૦૦/-
૬	ટી.પી.૧(સમા) એફ.પી.નં.૭૪	સમા તળાવ પાસે, મહારાણા પ્રતાપ રોડ	૨૯૫૪	૮૦,૦૦૦/-	૪૦,૦૦૦/-
૭	બ્રીજ નીચેની જગ્યા-એ	પીલર નં. ૧૨ થી ૧૯ (મનિષા ચોકડી)	૧૩૩૫.૬	૧.૪૦.૦૦૦/-	૭૦.૦૦૦/-
૮	બ્રીજ નીચેની જગ્યા-બી	પીલર નં. ૩૨ થી ૩૭ (હનુમાનજી મંદિર પાસે)	૪૫૬.૭૫	૭૦,૦૦૦/-	૩૫,૦૦૦/-
૯	બ્રીજ નીચેની જગ્યા-સી	પીલર નં. ૪૯ થી ૫૨ (મલ્હાર)	૨૭૪.૦૫	૭૦,૦૦૦/-	૩૫,૦૦૦/-
૧૦	બ્રીજ નીચેની જગ્યા-ડી	પીલર નં. ૬૦ થી ૬૫ (ચકલી સર્કલ)	૪૫૬.૭૫	૮૦,૦૦૦/-	૪૦,૦૦૦/-
૧૧	બ્રીજ નીચેની જગ્યા-ઈ	પીલર નં. ૮૭ થી ૯૩ (આંબેડકર સર્કલ)	૫૪૮.૧૦	૧,૦૦,૦૦૦/-	૫૦,૦૦૦/-
૧૨	બ્રીજ નીચેની જગ્યા-એફ	પીલર નં. ૧૨૯ થી ૧૩૫ (ગેંડા સર્કલ)	૧૧૩૪	૯૦,૦૦૦/-	૪૫,૦૦૦/-
૧૩	ટી.પી. ૧૬(સૈયદ વાસણા) એફ.પી. ૧૪૨	વાસણા ભાયલી ફાયર સ્ટેશનની સામે	૫૭૧	૩૦,૦૦૦/-	૧૫,૦૦૦/-
૧૪	બ્રીજ નીચેની જગ્યા	શ્રી સ્વામિનારાયણ સેતુ ઓવર બ્રીજ નીચે, અક્ષર ચોક	૯૫૦	૭૦,૦૦૦/-	૩૫,૦૦૦/-
૧૫	ટી.પી. ૦૩(બાપોદ દંતેશ્વર) એફ.પી. ૨૪૮ પાર્ટ	ઉમા ચોકડી પાસે, પાણીની ટાંકી રોડ	૫૦૦	૪૦,૦૦૦/-	૨૦,૦૦૦/-
૧૬	ટી.પી. ૬૦(ગોત્રી) એફ.પી. ૧૯૯/૧	ક્રિસ્ટલ યજ્ઞપુરૂષની સામે, સહજાનંદ રેસીડેન્સી રોડ, ગોત્રી	૧૭૦૧	૧.૨૦,૦૦૦/-	૬૦,૦૦૦/-
૧૭	બ્રીજ નીચેની જગ્યા	હોટલ બ્લુ લગુન સામે, ફતેહગંજ બ્રીજ નીચે	૪૭૩	૪૦,૦૦૦/-	૨૦,૦૦૦/-
૧૮	બ્રીજ નીચે	રમત ગમત સંકુલ પાસે, ફતેહગંજ બ્રીજ નીચે	300	૨૪,૦૦૦/-	૧૨,૦૦૦/-
૧૯	ટી.પી. ૦૨(સુભાનપુરા) એફ.પી. ૬૩૫ પૈકી	સમતા ચાર રસ્તા પાસે	૫૦૦ ચો.મી.	૬૦,૦૦૦/-	૩૦,૦૦૦/-
૨૦	બ્રીજ નીચે	પંડિત દિન દયાળ ઉપાધ્યાય બ્રીજ નીચે કેન્ટોન લેબોરેટરી પ્રા. લી. સામે	૨૫૧.૪૦	૨૦,૦૦૦/-	૧૦,૦૦૦/-
૨૧	જાંબુવા ચોકડી પાસે	જાંબુવા ચોકડી પાસે	૨૦૦	૩૦,૦૦૦/-	૧૫,૦૦૦/-
૨૨	ફુટપાથની જગ્યા	દુમાડ ચોકડી પાસે	૯૫૫	૮૦,૦૦૦/-	૪૦,૦૦૦/-
૨૩	કલાલી બ્રીજ નિચે	ફતેહ ઓવરસીઝ પ્રા. લી. સામે,	૨૮૯	૪૨,૦૦૦/-	૨૧,૦૦૦/-
૨૪	ટી.પી. ૦૧(સયાજીપુરા) એફ.પી. ૧૨૫	રૂદ્રાક્ષ રીવેરા સામે, સયાજી ટાઉનશીપ નજીક , ખોડીયાર નગર	૪૫૩	૩૬,૦૦૦/-	૧૮,૦૦૦/-
૨૫	ટી.પી. નં.૧૬(સૈયદ વાસણા) એફ.પી. ૧૬૧ પૈકી	સંત કબીર સ્કુલ સામે, વાસણા રોડ	૧૦૦૦ ચો.મી.	૭૦,૦૦૦/-	૩૫,૦૦૦/-

નિયત નમુનાનું અરજીપત્રક જમીન મિલકત શાખા(કોમર્શીયલ) ખાતેથી કામકાજના દિવસો દરમ્યાન સવારે ૧૧.૦૦ થી સાંજના ૫.૦૦ કલાક સુધી મળશે. અરજીપત્રક તથા શરતો ઉપરોક્ત વેબસાઈટ પરથી જાહેરાત પ્રસિધ્ધ થયાના બે દિવસ બાદ જોઇ શકાશે તથા ડાઉનલોડ કરી શકાશે. ભરેલા અરજી પત્રકો ડીપોઝીટ સાથે જરૂરી પુરાવા સહીત તા.૨૧ /૧૧/૨૦૨૬ સુધી ઓફીસ સમય દરમ્યાન "જમીન મિલકત અમલદારશ્રી, રૂમ નં ૨૦૩, જમીન મિલકત શાખા(કોમર્શીયલ), વડોદરા મહાનગરપાલીકા, ખંડેરાવ માર્કેટ બિલ્ડીંગ, રાજમહેલ રોડ, વડોદરા" ને મળે તે રીતે મોકલી આપવાના રહેશે.

પી.આર.ઓ. નં.૫૯૭/૨૬-૨૭. આસી. મ્યુનિ. કમિશ્નર(L&E)